દાદા ભગવાન પરિવારનું

સપ્ટેમ્બર ૨૦૧૮

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

અક્રમ એક્સપ્રેસ

આનંદાની

સંપાદકીય

બાળમિત્રો,

સંસ્કાર શબ્દ તમે સાંભળ્યો જ હશે. સંસ્કાર એ બહુ ઉંચી વસ્તુ છે. સંસ્કારી લોકો પ્રત્યે બધાને ખૂબ માન હોય. જ્યાં સંસ્કાર હોય ત્યાં સુખ હોય, શાંતિ હોય, સભ્યતા હોય, વિનમ્રતા હોય. અરે, આવું તો ઘણું બધું હોય.

દાદાજી પણ નાનપણથી ખૂબ સંસ્કારી હતા. તેઓ કાયમ કહેતા કે અમને અમારી માતા પાસેથી ઉંચા સંસ્કાર મળ્યા છે.

આ અંકમાં સંસ્કાર સબંધી ખૂબ સુંદર વાતો છે. તેમ જ દાદાના સંસ્કાર કેવા હતા એ દર્શાવતા એમના જીવન પ્રસંગો પણ છે. તો આવો આ અંકને માણીએ અને આપણે પણ દાદા જેવા સંસ્કારી બનીએ.

-ડિમ્પલ મહેતા

વર્ષ : ૧૧, અંક : ૧
સળંગ અંક : ૧૨૧
સપ્ટેમ્બર ૨૦૧૮

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઇવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

દાદાજી કહે છે...

દાદાશ્રી : સંસ્કારી કોને કહેવાય ? ઘરમાં ક્લેશ હોય તે સંસ્કારી કહેવાય કે ક્લેશ ના હોય તે.

પ્રશ્નકર્તા : ક્લેશ ના હોય તે !

દાદાશ્રી : ત્યારે આપણે સંસ્કારી. ઘરમાં કોઈ કકળાટ નહીં, કોઈને દુઃખ ના આપે, એ સ્થિતિ આપણને હોવી જોઈએ ને? ઘરમાં ગમે તેવાં વાતાવરણમાં પોતે સહન કરી લે ને અથડામણોમાં ય ક્લેશ ઊભો ના કરે, ભડકો ના કરે, એને જ ખાનદાની કહી છે. ત્યાં સુધી ભગવાનનો વાસ રહે. ઘરમાં ક્લેશ હોય ત્યાં બધું જ ખલાસ થઈ જવાનું. ભગવાનનો વાસ તો ના જ રહે અને લક્ષ્મીજી પણ ચાલવા માંડે.

ભલે આપણી પાસે મિલકત નથી, ભલે ઓછી મિલકત છે, પણ ખાનદાની હોવી જોઈએ. ખાનદાનીની સુગંધી આવે. ચોરી-બોરી ના કરે, લુચ્ચાઈઓ ના કરે, કોઈને ફસાવે એવું તેવું હોય નહીં. હલકાં કામ ના કરે, એ બધી ખાનદાની કહેવાય.

ખાનદાન એટલે શું ? કે બે બાજુ ઘસાય એનું નામ ખાનદાન. બે બાજુ ઘસાય એટલે શું ? ખરીદી કરવા જાય તો ત્યાં મનમાં એમ થાય કે શું આ ઓછું આપે છે ? પણ એ બિચારો કમાશે ને ! એટલે ચૂપચાપ ઓછું લઈ આવે. અને પોતે કો'ક લેવા આવ્યો હોય તેને વધારે આપે તે વખતે. થોડું વધારે જાય તો સારું બિચારાને. એટલે બેઉ બાજુ ઘસાય. અહીંયા ય લાગણી ને ત્યાં ય લાગણી. એનું નામ ખાનદાન.

કશું ખોટું ના કરવું એનું નામ ખાનદાન. કંઈ પણ લોકનિંદ્ય કાર્ય નહીં કરવું, એનું નામ ખાનદાન. લોક નિંદા કરે એવું કાર્ય ખાનદાનીમાં ના હોય. એટલે ખાનદાની તો બહુ ઊંચી વસ્તુ છે.

બહુ વર્ષોની વાત છે. એક ફેરો મારે ઘેર પણ માંકડ વધી ગયા હતા. તે બધાં અહીં ગળા પર કરડે ને, ત્યારે હું અહીં પગ પર મૂકતો હતો. અહીં ગળા પરનું એકલું સહન થતું નહોતું, એટલે અહીં ગળા પર કરડે તો પગ પાસે મૂકતો હતો. કારણકે આપણી હોટલમાં આવ્યો અને કોઈ ભૂખ્યો જાય, એ નકામું કહેવાય ને ? એ આપણે ત્યાં જમીને જાય તો સારું ને ! એટલે હું ખાનદાન બની ગયેલો. આખા શરીરે કૈડતા હોય ને, તો કૈડવા દઉં. માંકડ મારા હાથમાં પકડાઈ હઉ જાય. પણ તેને અહીં પગ ઉપર પાછો મૂકી દઉં. નહીં તોય પછી ઊંઘમાં તો આખુંયે જમી જાય છે ને ! અને તે માંકડ જોડે લઈ જવાનું બીજું વાસણ નથી લાવ્યો. એનાં પોતા પૂરતું ખાઈને પછી ઘરે જતો રહે છે અને પાછું એવું યે નથી કે નિરાંતે દસ-પંદર દહાડાનું ભેગું જમી લે ! માટે એને ભૂખ્યા કેમ કઢાય ? હેય ! કેટલાં જમીને જાય, નિરાંતે ! તે રાતે આપણને આનંદ થાય કે આટલા બધા જમીને ગયા, બે માણસને જમાડવાની શક્તિ નથી ને આ તો આટલા બધાને જમાડ્યા.

દાદાની

અમે બહુ બાબતોમાં સમજીને છેતરાયેલા. આ વેપારીઓ પણ મને છેતરે ! 'આવો આવો, પધારો' કરે અને છેતરે. હું કહું કે ભાઈ એક જોટો ધોતિયાનો લાવો અને એક ખમીસનું કાપડ લાવો ને એક કોટનું કાપડ લાવો. ભાવ-બાવ ના પૂછું. હું જાણું કે આપણા ઓળખાણવાળા છે બધા.

હવે બીજો કોઈ વેપારી હોય તે મને મળે તો મારું જોઈને કહેશે, 'આટલો તમારી પાસે ભાવ વધારે લીધો છે.' ત્યારે હું કહું કે, 'આ તો હું સમજીને છેતરાયો છું.' હું જાણું કે જો એ વધારે નહીં લે, તો એના મનને ઠંડક નહીં થાય. આવા સારા ઘરાક આવ્યા ને જો એ વધારે ના આપે તો બીજો કોણ ઘરાક આપવાનો છે ? આવા ખાનદાન ઘરાક આવ્યા તે ના આપે તો બીજા કચકચિયા તો આપવાના જ શું તે ?

અમે કોઈ દહાડો ય કચકચ ના કરીએ. આપણાં પગલાં પડ્યાં માટે એને સંતોષ થવો જ જોઈએ અને જો આપણાં પગલાં થયા અને એનું મોઢું બગડે કે 'આ ઘરાક ક્યાંથી આવો આવ્યો?' શું કહેશે ? કે, 'જોટો લઈ ગયા અને ઉપરથી બે રૂપિયા કાપી ગયા.'

એટલે અમે તો આ સમજીને છેતરાઈએ ! આ તો નાનો દાખલો આપું છું વેપારીઓ પાસે છેતરાયાનો. પણ અમને બધા જ છેતરે, બૂટવાળો પણ છેતરે !

રાત્રે બાર વાગે આવ્યા હોય અને બે કૂતરા ઊંઘી ગયા હોય તો આપણા બૂટથી એ ખખડીને જાગી ઉઠશે, એમ માનીને બૂટ પગમાંથી કાઢી લઈ અને ધીમે ધીમે ઘેર આવું. આપણાથી કોઈ ભડકે, એને માણસાઈ કેમ કહેવાય ? બહાર કૂતરાંય આપણાથી ભડકવાં ના જોઈએ. આપણે આમ પગ ખખડાવતા ખખડાવતા આવ્યા અને કૂતરું કાન આમ કરીને ઊભું થાય તો આપણે સમજી જવું કે ઓહોહો, આ ચૂક્યો ! હું બાવીસ વર્ષનો હતો ત્યારેય કૂતરાંને નહોતો ભડકવા દેતો.

ખાનદાનીના પ્રસંગો

ખાનદાનને ઘેર ઉછરેલો માણસ હોય તેને 'વેલ્ડીંગ' કરવાનો મૂળ ભાવ ઉત્પન્ન થાય. મારામાં યે એ ગુણ ખરો. 'વેલ્ડીંગ' એટલે બે જણ ઝઘડતા હોય તો બંને વચ્ચે સમાધાન લાવી આપવું. બે ભાઈઓ આમ ચાર પાંચ વખતથી લઢતા હોય, સામસામી બહુ ઘર્ષણ થઈ જતું હોય, તો પછી હું શું કરું ? બેઉને 'વેલ્ડીંગ' કરી આપું અને ઉપરથી મારા પૈસે ચા-પાણી નાસ્તા પણ કરાવું. આ ઉપરાંત વેલ્ડીંગ કરવામાં ખર્ચો થાય એ જૂદો.

હવે એમની પાસે મારી કિંમત 'ફ્રેન્ડ' તરીકે ક્યાં સુધી વધારે હોય ? એ બંને ઝઘડતા હોય ત્યાં સુધી. એકવાર 'વેલ્ડીંગ' થઈ ગયું એટલે એ બંને એકના એક થઈ જાય અને મારા પૈસા પણ જાય. અને પૈસા પાછા ન મળે. છતાં મેં મારા પૈસેય એવું કરવાનું ચાલું રાખ્યું હતું.

આ તો નવી

“પોતાનાં દુ:ખો બીજાને રડીને કહેવાં એ તો કંઈ ખાનદાની કહેવાય ? પણ લોકો તો દુ:ખો બધાંને કહેતાં ફરે. દુ:ખો કહેવાની શક્તિ હોય છતાં સહન કરવું, ને ના કહેવું એનું નામ ખાનદાની. મોટો માણસ પોતાનાં દુ:ખને સમાવી લે. કારણ કે એને એમ હોય કે એમાં કહેવા જેવું શું છે ? કાંઈ સામેવાળો આપણાં દુ:ખ લઈ લેવાનો છે ? આ જનાવરો આવે છે કંઈ પોતાના દુ:ખો કહેવાં ? આ કૂતરીનો પગ મોટર નીચે આવે તો એ કોને કહેવા જાય છે ? તે બિચારી ઢસડાતી ઢસડાતી ચાલે, તેને દવા-બવા કશું જ નહીં.”

“ખાનદાન હોય એ જાણીને છેતરાય, બીજું તો કોણ છેતરાય? ઘ.ત. ખબર હોય કે સામો આપણને ફસાવે છે તોય એના લાભ ખાતર નુકસાની વહોરી લે.”

> જ્યાં અક્કડ થવાની સ્થિતિ ત્યાં નમ્ર થાય, એનું નામ ખાનદાની. જેમ નમ્રતા વિશેષ થાય તેમ ખાનદાની ઊંચી.

ન ગાવ !

> કશું ખોટું ના કરવું, એનું નામ ખાનદાન. કોઈ આંગળી ચીંધે એવું કાર્ય નહીં કરવું, એનું નામ ખાનદાન.

જે કામ કરીએ ને કહ્યે દઈએ કે 'મેં કર્યું', તો ખાનદાની જતી રહે.
નીચું કુળ અને ઊંચા ભાવ, ત્યારે એ ખાનદાન કહેવાય.

વી.આઈ.પી. પાસ

'સાયન્સ સીટી' ના ઉદ્‌ઘાટનમાં જવા માટે રોનક ખુબ જ ઉતાવળો થઈ રહ્યો હતો.

ડેડી, આઈ એમ રેડી.

સીટીની એન્ટ્રન્સ પાસે ખુબ ઝાકઝમાળ હતી. મહેમાનો પોતાના પરિવાર સાથે હોલમાં પ્રવેશી રહ્યા હતા. જેવા રોનક અને ડેડી પ્રવેશ્યા...

ઓ ભાઈ, ક્યાં હેંડ્યા જાઓ છો ? 'વી.આઈ.પી.' પાસ ક્યાં છે ?

અરે બડી, ચીયર અપ. આપણે કાલે આવીશું. અત્યારે, તારો ફેવરીટ આઈસ્ક્રીમ હો જાયે ?

પાસ તો નથી... પણ

શું પણ-બણ ? આજે મુલાકાતીઓ માટે પ્રવેશ બંધ છે. ખાસ આમંત્રિત મહેમાનોને જ અંદર જવાની છૂટ છે. કાલે આવજો.

રોનકનું મોઢું ઉતરી ગયું...



રોનકના મોઢા પર પાછી ચમક આવી ગઈ. ડેડી અને રોનક અલક-મલકની વાતો કરતા ચાલી રહ્યા હતા.

રોનક અને ડેડી થોડીવાર માટે ત્યાં થંભી ગયા. મોચીના ચહેરા પર સ્થિરતા હતી. સહેજ પણ પ્રતિકાર કર્યા વગર, એ ગ્રાહકની વાત સાંભળી રહ્યો હતો.

ગ્રાહક થોડો શાંત પડ્યો એટલે...

પોતાની ભૂલ પર અફસોસ કર્યા વગર, પોતાના જોડાની થેલી લઈ ગ્રાહક ત્યાંથી ચાલી ગયો. મોચી, ફરી પોતાના કામે લાગી ગયો.

રોનકે ડેડી સામે જોયું. ડેડીએ રોનકના માથે પ્રેમથી હાથ ફેરવ્યો.

રોનકે પોતાની ફેવરીટ 'સ્ટ્રોબેરી' ફ્લેવરનો આઈસ્ક્રીમ ઓર્ડર કર્યો. આઈસ્ક્રીમની રાહ જોતા, રોનકનું ધ્યાન બાજુના ટેબલ પર ગયું.

પણ, એ ભાઈ તો ખસવા તૈયાર જ નહોતા. વેઈટરને આડા અવળા શબ્દો કહ્યા, પણ ત્યાંથી ખસ્યા નહીં.

અને વેઈટરની આટલી વિનંતી પછી, પણ આ વ્યક્તિએ ખસવાની ના પાડી દીધી. ખાનદાન હોય, તે મોચીની જેમ, આક્ષેપો સમાવીને નમ્ર રહે. અને જ્યાં ખાનદાની ના હોય, ત્યાં આવી અક્કડતા હોય.

થોડો ખોંખારો ખાઈ, ડેડીએ રોનકનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું..

દીકરા, આજે જે બે પ્રસંગો જોયા, તે ક્યારેય ભૂલીશ નહીં. મોચીની કોઈ ભૂલ નહોતી. છતાંય, ગ્રાહકનું નીચું ના પડે, તે માટે ગ્રાહકના શબ્દો સમાવીને કંકાસ ટાળ્યો.



રોનક, એક વાત હંમેશા યાદ રાખજે. જે મહત્વનું કામ કરે, તે ક્યારેય લોકોની વાતોથી ના હાલે. અને જે કોઈ કામ ના કરે પણ પોતાની જાતને કંઈક સમજે, તે અક્કડ રહીને પોતાની અક્ષમતા છુપાવે.

થોડી ક્ષણો માટે ડેડી થંભી ગયા.

અને, ખરો ખાનદાન તો એને કહેવાય જે કામ કર્યા પછી "મેં કર્યું" એમ ના બતાવે. જ્યાં અક્કડ રહેવાની સ્થિતિ હોય, ત્યાં પણ નમ્ર રહે.

રોનક વિચારમાં પડી ગયો.

થોડો હેવી ડોઝ મળી ગયો, બડી ? જઈશું હવે ?

ઘરે આવીને પણ રોનક ડેડીની વાત મનમાં વાગોળી રહ્યો હતો. ત્યાં તો, ડોર બેલ વાગી...

અરે મિ. ત્રિપાઠી, તમે અહીંયા ?

મિસ્ટર ત્રિપાઠી, રોનકના ડેડી, અજયભાઈ સામે ઝુકી ગયા.

બહુ મોટી ભૂલ થઈ ગઈ, અજયભાઈ. હમણાં જ મારા સ્ટાફ મેમ્બરે મને જાણ કરી કે તમને સાયન્સ સીટીના ઉદ્‌ઘાટનનો 'વી.આઈ.પી.પાસ મોકલવાનો ભુલાઈ ગયો.'

સાહેબ, સાયન્સ સીટીનું નિર્માણ તો તમારા વગર અશક્ય હતું. તમે તો અમારા સૌથી ખાસ મહેમાન હતા અને અમારી ભૂલના કારણે તમારી જ ઉપસ્થિતિ નહોતી.

અરે, મિસ્ટર ત્રિપાઠી... તમારે માફી માંગવાની ના હોય. અને ખરું કહું, તો આજે આવવાનું શક્ય પણ નહોતું.

રોનક પોતાના ડેડીને જોતો જ રહ્યો.

સાયન્સ સીટીના નિર્માણમાં ડેડીનો આટલો મોટો ફાળો હતો, છતાંય, પેલા વૉચમેનને કંઈ ના કહ્યું ? ઉદ્‌ઘાટનમાં આવવાનું અશક્ય કહીને, મિ. ત્રિપાઠીની લાગણીઓ સાચવી.

ડેડીએ કહેલો 'ખાનદાની' નો ખરો અર્થ, રોનકને હવે સમજાયો...

કિંમત શેની ?

'હાઉ કુલ, સુધા. ક્યાંથી મળ્યા આ સ્ટેમ્પ્સ ?' શ્રુતિએ પૂછ્યું.

આખો ક્લાસ સુધાની આજુબાજુ એના નવા સ્ટેમ્પ્સ જોવા માટે ગોઠવાઈ ગયો.

'મારા અંકલ લંડનથી લાવ્યા,' સુધાના અવાજમાં એક રણકાટ હતો. 'અંકલ કહેતા હતા કે લંડનમાં પણ આજકાલ સ્ટેમ્પ ક્લેક્શનનો સખત ક્રેઝ છે.'

ત્યાં તો બેલ વાગ્યો અને બધા પોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા.

'ગુડ આફ્ટર નુન ક્લાસ,' માલતી મેડમે બધાને વિશ કર્યું. 'આજે આપણે ગ્રીસ વિષે ભણીશું.' અને ગ્રીસનો એક અનોખો સ્ટેમ્પ, મેડમે પ્રોજેકટર સ્ક્રીન પર ડિસ્પ્લે કર્યો.

જ્યારથી 'ધ સ્ટેમ્પ કલેક્ટર' મુવી રીલીઝ થઈ હતી, ત્યારથી બાળકોમાં સ્ટેમ્પ ક્લેક્શનની ધૂન સવાર થઈ ગઈ હતી. ટીચર્સ પણ આ ધૂનનો સવળો ઉપયોગ કરીને સ્ટેમ્પ દ્વારા બાળકોને નવી નવી જગ્યાઓ અને વ્યક્તિઓ વિષે માહિતી આપતા.

સ્કુલ પછી બધા સુધાને ફરી ઘેરી વળ્યા.

'હં... ડંફાસ મારવા માંથી ઉંચી નથી આવતી. નવાઈના સ્ટેમ્પ મળી ગયા છે. પોપ્યુલર થવાના આટલા શોખ છે, તો થાય પોપ્યુલર. હું તો જાઉં છું ઘરે.' સુધાની પોપ્યુલારીટી જોઈને શ્રુતિને જલન થઈ.

અને એનો ગુસ્સો, ઘરે આવીને નાની બહેન ઉત્સવી પર કાઢ્યો, 'નોટ અગેન ઉત્સવી. તને કેટલી વાર કહ્યું કે બેડ ઉપર તારી બુક્સનો પથારો ના કર.'

'ઓહ આઈ એમ સોરી દીદી. બસ, આ છેલ્લો સ્ટેમ્પ ગોઠવીને બુક્સ લઈ લઉં છું.' ઉત્સવીએ ધીમા અવાજે કહ્યું.

શ્રુતિની નજર ઉત્સવીની સ્ટેમ્પ બુક પર પડી. થોડીક્ષણો માટે એની નજર એક સ્ટેમ્પ પર અટકી ગઈ. એને વિશ્વાસ ના આવ્યો. ઉત્સવીની સ્ટેમ્પ બુક હાથમાં લઈને, એને ધ્યાનથી ફરી એ સ્ટેમ્પને જોયો.

''વ્હોટ. આ તો ખરેખર 'ફલાયિંગ વોરિયર' નો સ્ટેમ્પ છે. ધીસ ઈસ અનબિલિવેબલ'' સ્ટેમ્પ જોઈને, શ્રુતિના મનમાં જાતજાતના તરંગો ફૂટવા લાગ્યા, 'જો ક્લાસમાં બધાને ખબર પડશે કે મારી પાસે આ સ્ટેમ્પ છે, તો મારો તો કેવો વટ પડી જશે. સુધાના લંડનના સ્ટેમ્પ પણ આની આગળ ઝાંખા લાગશે.'

થોડીક્ષણો માટે શ્રુતિ પોતાની કલ્પનાની દુનિયામાં ખોવાઈ ગઈ.

'શું થયું દીદી ?' ઉત્સવીએ શ્રુતિને હલાવી.

'ઓહ, કંઈ નહીં, ઉત્સવી,' શ્રુતિ થોડી સ્થિર થઈ. અને ફટાફટ મનમાં એક પ્લાન ઘડ્યો. ઉત્સવીને પટાવીને પોતાનું કામ કાઢી લેવું શ્રુતિ માટે કોઈ મુશ્કેલ કામ નહોતું.

પોતાના એક્સાઈટમેન્ટને કાબુમાં રાખીને શ્રુતિએ કહ્યું, ''ઉત્સવી, મારી સાથે એક 'ડીલ' (સોદો) કરીશ ? હું તને દસ સ્ટેમ્પ આપું તો તું મને એક સ્ટેમ્પ આપીશ ?''

'વાય નોટ, દીદી ?' ઉત્સવી ખુશ થઈ ગઈ.

પોતાની સ્ટેમ્પ બુક માંથી દસ સ્ટેમ્પ ઉત્સવીને આપી, શ્રુતિએ એની પાસેથી 'ફલાયિંગ વોરિયર' નો સ્ટેમ્પ લઈ લીધો.

બીજા દિવસે સ્કુલમાં ધાર્યું હતું એના કરતા પણ શ્રુતિનો વધુ વટ પડ્યો. ક્લાસ મેટ્સ જ નહીં, પણ સિનિયર્સ અને જુનિયર્સ પણ એનો સ્ટેમ્પ જોવા આવ્યા.

સ્કુલેથી આવીને, શ્રુતિએ બેગ રૂમના ખૂણામાં ફેંકી અને પલંગ પર આડી પડી. આજે, પણ ઉત્સવીની બુક્સ પલંગ પર પથરાયેલી હતી. પણ, આજે શ્રુતિને કશો જ ફરક નહોતો પડતો. એ તો

પોતાના ખ્યાલોની દુનિયામાં ખોવાયેલી હતી. થોડીવાર સુધી, સ્કુલમાં મળેલા માનને વાગોળતી રહી. પછી, પડખું ફેરવીને પલંગ પર પડેસી ઉત્સવીની બુક હાથમાં લીધી અને અમસ્તા પાનાં ફેરવવા લાગી.

અચાનક, એ બેઠી થઈ ગઈ. એક પાનાં પર એની નજર સ્થિર થઈ. પાના પર શીર્ષક હતું, 'ફલાઈંગ વોરિયર : એક અનોખો સ્ટેમ્પ.' ઉત્સવીએ 'ફલાયિંગ વોરિયર' સ્ટેમ્પ પર રીસર્ચ કરીને, એના પર એક નિબંધ લખ્યો હતો. શ્રુતિના મનમાં વિચારોનો વંટોળ ઉઠ્યો, 'એનો મતલબ કે ઉત્સવીને આ સ્ટેમ્પનું મૂલ્ય ખબર હતી. ધેન, વાય ડીડ શી ગીવ ઈટ ટુ મી? એને તો જરાય સંકોચ પણ નહોતો થયો. અને મને લાગ્યું કે મેં એને બેવકૂફ બનાવી.'

શ્રુતિ પોતાના વિચારોમાં ખોવાયેલી હતી, ત્યાં ઉત્સવી રૂમમાં આવી.

"અરે દીદી, શું થઈ ગયું છે તને? આમ રોજ ક્યાં ખોવાઈ જાય છે?" ઉત્સવીએ શ્રુતિને ઢંઢોળી.

થોડી વાર સુધી શ્રુતિ, ઉત્સવીને જોતી જ રહી. પછી, પોતાની બેગમાંથી "ફલાયિંગ વોરિયર"નો સ્ટેમ્પ કાઢી, ઉત્સવીના હાથમાં મુક્યો, 'ઉત્સવી, મારે આ સ્ટેમ્પ નથી જોઈતો.'

'શું થયું દીદી,' ઉત્સવીને શ્રુતિનું વર્તન અજુગતું લાગ્યું.

'ઉત્સવી, મારે આ સ્ટેમ્પ નથી જોઈતી. પણ એ જોઈએ છે, જેના થકી આટલો કિંમતી સ્ટેમ્પ આપવામાં પણ તને ખચકાટ ના થયો. મને એમ કે હું તારા ભોળપણનો ફાયદો લઈ રહી છું. પણ, તું તો પહેલેથી જ સ્ટેમ્પની કિંમત જાણતી હતી. તેમ છતાંય, તું છેતરાઈ અને મને ખબર પણ ના પડવા દીધી. હાઉ?' શ્રુતિની આંખોમાં આશ્ચર્ય હતું.

'દીદી, તને યાદ છે, ગયા વર્ષે આપણી સોસાયટીમાં થોડા ટુરિસ્ટ રહેવા આવ્યા હતા?' ઉત્સવીએ પૂછ્યું.

'હા, અફકોર્સ. હાઉ કેન આઈ ફરગેટ ધેમ? મમ્મીએ એમને કેટલી હેલ્પ કરી હતી. અને થોડા જ દિવસોમાં એમની અસલિયત છાપામાં છપાઈ હતી. ચીટર્સ,' શ્રુતિ થોડી અટકી, 'પણ, આપણી વાત સાથે એમને શું લેવા-દેવા?'

'લેવા-દેવા છે, દીદી,' ઉત્સવીએ કહ્યું, 'એમની છેતરપિંડીની ખબર વાંચીને મમ્મી બોલી, 'એ લોકો ધુતારા નીકળ્યા, એનો મતલબ એમ નથી કે હું મદદ કરવાનું છોડી દઈશ.' અને પછી, મમ્મીએ જે વાત કહી એ મને બહુ જ સ્પર્શી ગઈ, 'અજાણતા તો બધા છેતરાય. પણ, સામાના ફાયદા માટે જાતે નુકસાન વહોરીને, જે જાણીને છેતરાય, એ તો ખરા ખાનદાન કહેવાય.'

શ્રુતિ ધ્યાનથી ઉત્સવીની વાત સાંભળી રહી હતી.

ઉત્સવીએ પ્રેમથી શ્રુતિના ગાલ પર હાથ મુક્યો અને બોલી, 'દીદી, મને ખબર હતી કે એ સ્ટેમ્પ બહુ જ કિંમતી છે. પણ, મારા માટે એ તારી ખુશીથી વધારે કિંમતી નહોતો. તારી 'ડિલ'માં મારું નુકસાન હતું. પણ તારી આટલી મોટી ખુશી આગળ મારા નાના અમથા નુકસાનની શું વેલ્યુ હતી.'

નાનકડી બહેનની આવી મોટી સમજણ જોઈને, શ્રુતિની આંખોમાં ઝળઝળિયા આવી ગયા. આજ સુધી, શ્રુતિ સમજતી હતી કે એ નાની બહેનને બેવકૂફ બનાવતી હતી. પણ, આજે નાનકડી બહેનનો ખાનદાનીનો ખજાનો જોઈને, એને પોતાની જ બેવકૂફીની ઓળખાણ પડી.

ચાલો રમીએ...

બાળમિત્રો, આપેલા કોયડાઓ ઉકેલવા માટે નીચે આપેલા સિક્રેટ કોડનો ઉપયોગ કરો.

What Can run but can't walk ? __ __ __ __ __
20 2 12 6 5

What goes up and down without ever moving ? __ __ __ __ __ __ __ __ __
13 12 2 16 5 19 2 13 6

What belongs to you but is used more by others? __ __ __ __ __ __ __ __
8 3 7 5 9 2 15 6

What is broken when it is spoken ? __ __ __ __ __ __ __
13 16 17 6 9 19 6

What can be drawn without a pencil ? __ __ __ __ __ __
18 5 6 2 12 11

What can break without being touched ? __ __ __ __ __ __ __ __
2 4 5 3 15 16 13 6

What is made that can't be seen ? __ __ __ __ __
9 3 16 13 6

1	2	3	4	5	6	7	8	9	10	11	12	13	14	15	16	17	18	19	20
K	A	O	P	R	E	U	Y	N	F	H	T	S	D	M	I	L	B	C	W

જીવંત ઉદાહરણ

વર્ષો પહેલાંની વાત છે. નોરફોકના રેલ્વે સ્ટેશન પર એક ટ્રેન આવીને થંભી. એક નાનકડી આઈરીશ બાળા ટ્રેનમાંથી ઊતરી. એ નીચે તો ઊતરી, પણ તેની બેગ કેમ ઉતારવી ?એની બેગ એના પોતાના વજનથી બમણી હતી. બાળાએ આમતેમ નજર દોડાવી. ત્યાં તો, તેની નજર એક મજૂર પર પડી. તે દોડતી મજૂર પાસે પહોંચી અને તેને બેગ ઊંચકી એરૂનડેલના કિલ્લા સુધી પહોંચાડવા વિનંતી કરી.

નાનકડી બાળા એરૂનડેલના કિલ્લામાં કામવાળીનું કામ કરવા આવી હતી. એના ગજવામાં એક શિલિંગ (બ્રિટનનું જૂનું નાણું) સિવાય કશું જ નહોતું. મજૂર તો એક શિલિંગમાં કિલ્લા સુધી બેગ પહોંચાડવા તૈયાર જ નહોતો. હા-ના ની રકઝક લાંબી ચાલી. બાળકીની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યા. ત્યાં ઊભેલા એક ભાઈએ આ રકઝક સાંભળીને બાળાને કહ્યું, 'ચાલ, હું તને કિલ્લા સુધી પહોંચાડી દઉં.'

ભાઈએ બેગ ઉપાડી લીધી અને વાતોના તડાકા મારતાં બંને કિલ્લે પહોંચ્યા. બાળાએ ભાઈને ગજવામાં પડેલી શિલિંગ આપી. આભાર માની, એ ભાઈ ત્યાંથી નીકળી ગયા.

બીજા દિવસે, વૈભવશાળી કિલ્લાના એક ભભકાદાર ખંડમાં બાળા તેના માલિકને મળવા ગઈ.

માલિકને જોઈને, બાળા સડક થઈ ગઈ. આગલી રાત્રે, એની બેગ ઊંચકી કિલ્લા સુધી સહીસલામત મૂકી જનાર, લઘર વઘર વસ્ત્રોવાળો મજૂર, હકીકતમાં, એરૂનડેલ કિલ્લાના માલિક, ડ્યુક ઑફ નોરફોક પોતે હતા.

એ દિવસે બાળાને સમજાયું કે જે મનથી મોટા હોય, તે કદી નાનામાં નાનું કામ કરવામાં નાનપ અનુભવતા નથી.

જોયું મિત્રો, ડ્યુકની કેવી ગજબની ખાનદાની કહેવાય. પોતાની સાચી ઓળખ છુપાવી, સહેજ પણ અક્કડ થયા વગર સરળતાથી મજૂર બનીને બાળકીને મદદરૂપ બન્યા.

૨૦૦૨માં નીરૂમા અડાલજ ગયા. એના પછી જ્યારે જ્યારે તેઓ દાદા દર્શન આવતા ત્યારે ત્યાં રહેતા ત્યારે ભાઈઓ એમના અપડેટ્સ આપતા.

એક વાર એવી જ રીતે નીરુમા દાદા દર્શન આવ્યા હતા. ત્યારે એક બ્રહ્મચારી ભાઈએ કહ્યું, 'નીરુમા, અત્યારે રોજ પાંચ દિવસ પ્રેસની સેવા હોય અને શનિ-રવિ ગામેગામ સત્સંગમાં જવાનું થાય. પહેલાં તો તમે દાદા દર્શન રહેતા એટલે જેવા અમે સોમવારે સવારે સત્સંગ ટૂર કરીને આવીએ કે તરત તમે બધું પૂછી લેતા કે શું માન ખાધું ? ક્યાં પોલ વાગી ? ક્યાં દ્રષ્ટિ બગાડી ? ક્યાં આગળ ઠોકાઠોક જવાબ આપ્યો ? વગેરે. હવે તમે અહીંયા નથી. અને બીજું સાથે પૂજાવાની કામના પણ બહુ ઊભી થાય છે કારણ કે શનિ-રવિ સત્સંગમાં જઈએ એટલે બધા લોકો પગે લાગે. તો આમાં કઈ રીતે બેલેન્સ કરવું ?'

નીરૂમાએ તરત ઉપાય આપ્યો, 'તારે એવું કરવાનું કે એક શનિ-રવિ સત્સંગમાં જવાનું, એક શનિ-રવિ દાદા દર્શન રહેવાનું સાધના માટે. અને જે શનિ-રવિ તું દાદા દર્શન રહે ત્યારે તારે, જેમ તું સત્સંગ માટે શનિવારે સવારે

છ વાગે નીકળી જતો હોય, અને રવિવારે રાત્રે સાડા અગિયાર વાગે આવતો હોય, એવી જ રીતે જે શનિ-રવિ સાધના માટે તું દાદા દર્શન હોય, એમાં પણ સવારે સાડા છ વાગે ઊઠવાનું અને રવિવાર રાત્રે સાડા અગિયાર વાગ્યા સુધી માન પર, વિષય પર, પૂજાવાની કામના પર સાધના કરવાની. પ્રેસ પર નહીં જતા રહેવાનું કે બીજું કોઈ કામ નહીં કરવાનું. અને કોઈ દાદા દર્શનના ટેરેસ પર દર્શન કરવા આવે અને પૂછે કે, કેમ આ વખતે તમે અહીંયા છો, શનિ-રવિ સત્સંગમાં નથી ગયા? તો ચોખ્ખે ચોખ્ખું કહેવાનું નીરૂમાએ મને પનીશમેન્ટ આપી છે, માન પર વર્ક આઉટ કરવા માટે. કોઈ કપટ નહીં કરવાનું.'

આવા હતા આપણા નીરુમા ! એમની ટકોરો પણ કેવી અદભૂત કે વ્યક્તિને રોગમાંથી બહાર કાઢીને જ રહે !

U.S.A (jacksonville-2018)

ગુરુપૂર્ણિમા દરમિયાન બાળકોએ કરેલ કલ્ચરલ શો

Puzzle Answer : 1) WATER 2) STAIREASE 3) YOUR NAME 4) SILENCE 5) BREATH 6) A PROMISE 7)NOISE

Akram Express
September 2018
Year : 11, Issue : 1
Conti. Issue No.: 121

BALVIGNAN
Fun 'n' Gyan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month

ખૂબ ખૂબ અભિનંદન !!!

International Venice Golf

માં ૩ જો નંબર મેળવ્યો.

નામ : વરુષ્કા શાહ

ઉંમર : ૯ વર્ષ

LMHT અડાલજ

3rd Rank

<u>અકમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>

૧. આપનું વાર્ષિક લવાજમ પુરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અકમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અકમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અકમ એક્સપ્રેસ છેલ્લી અકમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અકમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અકમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.